અંબાજી ૧૦૮ દ્વારા બાળક અને મહિલાનો જીવ બચાવાયો, જંગલમાં ડીલેવરી કરી ઉત્તમ કાર્ય કર્યું

અંબાજી, તા. ૧૫

અંબાજીથી ૧૫ કિમી દૂર ગબ્બર પાછળ આવેલા આદિવાસી બહુમતી ધરાવતા નવાવાસ ગામમાં રહેતી સીતાબેન જુમાભાઈ ડૂંગાઈચાને

પ્રસુતિની પીડા ઉપાડતા તેમને તેમના પરીવારને જાણ કરી હતી, પણ અહીં નેટવર્ક ન આવતા આ પરીવારના સભ્યો આગળ નેટવર્કમાં આવી ૧૦૮ નંબર પર કોલ કર્યો હતો. આ નંબર પરથી કોલ આવતા અંબાજી ૧૦૮ની ગાડી સમયસર નવાવાસ ગામ પર પહોંચી ગઈ હતી. ઘટના સ્થળે પહોંચ્યા બાદ ૧૦૮ના ઈએમટી અલ્કાબેન અને પાયલોટ મનોજભાઈએ મહિલાને ચેકઅપ કરતા તેનો દુખાવો ભારે હતો અને ટૂંક સમયમાં અંબાજી કોટેજ હોસ્પિટલ પહોંચવું શક્ય ન હતું, આથી ઈએમટી અલકાબેન દ્વારા આ પરિવારની મહિલાઓની મદદ લઈ આ જંગલ વિસ્તારમાં જ ડીલેવરી કરવાનું નક્કી કરવામાં આવ્યું. ફટાફટ ૧૦૮ની ટીમ દ્વારા તમામ જરૂરી ઉપકરણ લાવી પ્રસુતિ કરવાની કામગીરી શરુ કરવામાં આવી પરંતુ પ્રસુતિ દરમિયાન બાળકના બંને પગ બહાર આવી જતા થોડી વાર માટે મામલો ગંભીર બન્યો હતો પરંતુ આ અલકાબેન દ્વારા સમયસૂચકતા વાપરી મહિલા અને બાળકનો જીવ બચાવી નોર્મલ ડીલેવરી કરાઈ હતી. ત્યાં હાજર તમામ લોકોએ ૧૦૮ અંબાજી ટીમની આ કામગીરીની ભારે પ્રશંસા કરી હતી.

આ સીતાબેનની ઉમર ૨૮ વર્ષ હતી અને આ તેમની ચોથી ડીલેવરી હતી. અંબાજી પાછળ આવેલા ગામોમાં આદિવાસી સમાજ ની વસ્તી મોટી સંખ્યામા છે. અહીં નેટવર્કનો પ્રોબ્લેમ આવતા સરકાર દ્વારા તાત્કાલિક આ વિસ્તારોમા બીએસએનએલનો ટાવર મુકવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે. આ ડીલેવરી જાડ નીચે સ્ટ્રેચર પાથરી ખુલ્લામા ચાદરની દીવાલ બનાવી પ્રસુતાને ડીલેવરી કરાવાઈ હતી. આ વિસ્તારમાં આવો ગંભીર બનાવ ૧૦૮ની ટિમ સમયસર આવવાથી મહિલા અને નવજાત બાળકને નવજીવન મળ્યું હતું.

ખેડબ્રહ્મામાં તાલુકાનુ મટોડા ગામ પાસે ટ્રાફીકના કાયદાનુ ચીરહરણ

ખેડબ્રહ્મા તાલુકામા વારંવાર અકસ્માતો સર્જાય છે પણ જાણે તંત્રને કાઈ પડી ન હોય તેવૂ આ ફોટા પરથી લાગે છે. લંબાડીયાથી નીકળી ખેરોજથી ખેડબ્રહમાં રોડ ઉપર સાબરકાંઠા જિલ્લા કલેક્ટર, ડી.ડી.ઓ, એસ.પી. અને જીલ્લા ટ્રાફિક પોલીસની ગાડીઓ જતી હતી અને બાજુમાં તેની ફિકર વગર એક જીપ ઓવરલોડ અને એક ટ્રેક્ટર બિન્દાસ માણસો બેસાડી જઈ રહ્યા હતા જાણે તેમને તંત્રની કોઈ બીક જ ન હોય તેવુ લાગી રહ્યુ છે.

મેઘરજના કુણોલ ગામ નજીક આવેલા પુલ પરથી પસાર થતા ટ્રેક્ટર ચાલકે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા ટ્રેકટર પુલ પરથી નીચે ખાબકતા ભારે અફડાતફડી મચી હતી.

મોડાસા વીજતંત્રની પ્રિમોન્સુન કામગીરીથી વારંવાર વીજપુરવઠો ખોરવાતા પ્રજાજનો ત્રાહિમામ

મોડાસા, તા. ૧૫

અરવલ્લી જીલ્લામાં ચોમાસુની ઋતુ દસ્તક લઈ રહી છે, ત્યારે જીલ્લા સહીત મોડાસા શહેરમાં વીજતંત્ર દ્વારા પ્રિમોન્સુમ કામગીરી હેઠળ વીજ ડીપી અને વીજપોલ સહીત વીજતારનું સમારકામ હાથ ધરાતા છાસવારે વીજપુરવઠો ખોરવાવાની સાથે વીજપુરવઠો અનિયમન બનતા અસહ્ય ગરમીમાં પ્રજાજનો તોબા પોકારી ઉઠ્યા હતા.

શુક્રવારે મોડાસા બસ સ્ટેન્ડ પાછળના વિસ્તારમાં મોડાસા વીજતંત્ર દ્વારા વીજ ડી.પી.માં સવારથીજ સમારકામ હાથ ધરવામાં આવતા વીજ પુરવઠો બંધ રહેતા બસ સ્ટેન્ડ પાછળ આવેલી રહેણાંક સોસાયટીઓ અને ખાનગી દવાખાનાઓમાં સારવાર અર્થે આવેલા દર્દીઓ અને દુકાનદારો અસહ્ય બફારો, ઉકળાટ અને ગરમીથી તોબા પોકારી ઉઠ્યા હતા. બસ સ્ટેન્ડ પાછળ દુકાન ધરાવતા અને ભાજપના અગ્રણીએ વીજતંત્રના અધિકારીઓની કામગીરી અંગે રોષ ઠાલવી કોઈ પણ જાતની આગોતરી જાણ કર્યા વગર અચાનક વીજપુરવઠો બંધ કરી દેવતા દૈનિક નિત્યકામમાં અને ધંધા રોજગાર ધરાવતા લોકોને ભારે તકલીફનો સામનો કરવો પડતો હોવાનું જણાવ્યું હતું અને વીજતંત્ર અને અધિકારીઓની કામગીરી અંગે સોશ્યલ મીડિયામાં અભિયાન ચલાવી રોષ ઠાલવ્યો હતો.

મોડાસા ટાઉન પોલીસ સ્ટેશને રમઝાન ઈદ નિમિત્તે શાંતિ સમિતિની બેઠક યોજાઈ

મોડાસા, તા. ૧૫

અરવલ્લી જીલ્લા સહીત મોડાસા શહેરમાં મુસ્લિમ બિરાદરો દ્વારા શનિવારે રમઝાન ઈદની ઉજવણી ઈદની નમાજ અદા કર્યા બાદ હર્ષોલ્લાસથી કરવામાં આવશે. રમઝાન ઈદ નીમીત્તે મોડાસા શહેરમાં અને આજુબાજુના વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય ઘટના ન બને અને સર્વ ધર્મ સદભાવના પૂર્વક માહોલ જળવાઈ રહે અને મુસ્લિમ બિરાદરો શાંતિપૂર્ણ માહોલમાં હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરે તે માટે ગુરુવારે સાંજના સુમારે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશને નાયબ પોલીસ અધિક્ષક ફાલ્ગુનીબેન પટેલના અધ્યક્ષસ્થાન હેઠળ ટાઉન પી.આઈ દેસાઈની ઉપસ્થિતિમાં હિન્દુ સમાજના અગ્રણીઓ પૂર્વ રથયાત્રા પ્રમુખ નાન્હાલાલ પ્રજાપતિ, જીવદયાપ્રેમી નિલેશ જોષી, મોડાસાના મેયર સુભાષ શાહ, રથયાત્રા ઉત્સવ સમિતિના પ્રમુખ કિરીટ સુથાર, વાડીલાલ કડિયા, પૂર્વ મેયર શૈલેષભાઇ ભોઈ અને મુસ્લિમ સમાજના અગ્રણીઓ પૂર્વ સભાપતિ દાઉદ પહોચીયા, અખ્તર ચિસ્તી, હબીબ વેલ્ડિંગવાળા સહીત બંને સમાજના અગ્રણીઓની હાજરીમાં બેઠક યોજાઈ હતી. જેમાં શાંતિપૂર્ણ માહોલમાં રમઝાન ઈદની ઉજવણી થાય અને ભાઈચારો જળવાય તેની ચર્ચા કરી પોલીસતંત્ર દ્વારા પૂરતો સહયોગ મળી રહે અને ઈદની નમાજ સમયે ટ્રાફિક જળવાઈ રહે તે મુદ્દે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

ખેડબ્રહ્મા તાલુકાની કંડા પ્રા. શાળામાં શ્લોક ફાઉન્ડેશન ગોતા દ્વારા ધોરણ ૧ મા પ્રવેશ મેળવેલ બાળકોને પ્રવેશ કીટ અને ધોરણ ૧ થી ૭ ના તેજસ્વી બાળકોને ઈનામ વિતરણ કરવામાં આવ્યું. શાળા પરિવારે પ્રવેશ મેળવેલ બાળકની માતાને સાડી આપી બિરદાવામા આવી. અનિલભાઈ જાની મે. ટ્રસ્ટી, શ્લોક ફાઉન્ડેશન-ગોતા, ટ્રસ્ટી ઉષાબેનના સહયોગથી કીટ મદદ મળી હતી. કંદર્પકુમાર એન જોશી બી.આર.પી., સામાજિક વિજ્ઞાને શાળામા લાવવા બદલ શાળા પરિવારે આભાર વ્યકત કર્યો હતો.

ભિલોડાના હાર્દસમા રેસીડેન્ટ વિસ્તારમાં મોબાઈલ ટાવરનું નિર્માણ ન કરવા રજુઆત

ભિલોડા,તા.૧૫

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે હાર્દસમા રેસીડેન્ટ વિસ્તારમાં આવેલ ઉમીયાનગર સોસાયટીના નવરાત્રી ચોકમાં મોબાઈલ ટાવરનું નિર્માણ ન કરવા બાબતે ઉગ્ર ધારદાર રજુઆત કરવા છતાં ખરાબાની જમીન ઉપર વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ ધ્વારા મોબાઈલ ટાવર બનાવવા મંજુરી અપાતાં અવનવી ચર્ચાઓએ ભારે જોર પકડ્યું છે. મોબાઈલ ટાવર ઉભો કરવા માટે આ વિસ્તારના કોમન પ્લોટ કે ખરાબાની જમીન ઉપર કંઈ રીતે મંજુરી આપવામાં આવી હશે તેની અવનવી ચર્ચાએ ભારે જોર પકડ્યું છે. લોકમુખે ચર્ચાય છે કે મલાઈદાર નિવેધ મુંકવામાં આવ્યું હશે કે શું ? મોબાઈલ ટાવર ન બનાવવા બાબતે ભારે વિરોધ પ્રદર્શન કરતી મહિલાઓ રણચંડી બની હોબાળો મચાવ્યો મહિલાઓએ મોબાઈલ ટાવરનું કામકાજ અટકાવ્યું છે.

ભિલોડાના હાર્દસમા રેસીડેન્ટ વિસ્તારમાં આવેલ તીરૂપતી સોસાયટી, પંચરત્ન સોસાયટી સહિત આજુ-બાજુની સોસાયટીઓના રહેવાસી ગોવિંદભાઈ પટેલ, મિતેશભાઈ ભાવસાર, ભેરૂલાલ પ્રજાપતી, લાદુભાઈ શાહ, પ્રફુલ્લભાઈ રાવલ, રાજેશભાઈ સોની, નટુભાઈ પાટીદાર સહિત મહિલાઓએ જણાવ્યું હતું કે ભિલોડા ગામની સીમમાં આવેલ જુનો સર્વે નંબર.૭૫૪ નવો સર્વે નંબર. ૮૮૫નું કુલ ક્ષેત્રફળ ૧.૧૪.૯૪ તથા પો.ખ.અ.૦-૦૨-૦૨ નું છે. સર્વે નંબરના મુળ માલીક પટેલ હાથીભાઈ હીરાભાઈ, લાલજીભાઈ હીરાભાઈ પટેલએ વર્ષ-૧૯૮૯ માં બિનખેતી કરાવી નિતી નિયમો પ્રમાણે ૧૦% પ્રમાણે કોમન પ્લોટની જગ્યા છોડી છે ત્યારે ખરાબાની જમીન પણ છોડી મોબાઈલ ટાવરથી રેડીયેશન ખુબ જ ઉંચા પ્રમાણમાં ફેલાતું હોવાના કારણે મોબાઈલ ટાવરના વિસ્તારમાં વસવાટ કરતા પ્રજાજનોના આરોગ્ય ઉપર ખરાબ અસરો વર્તાતી હોય છે જેના કારણે મોબાઈલ ટાવરનું નિર્માણ ન કરવા બાબતે અરવલ્લી જીલ્લા કલેક્ટર, અરવલ્લી જીલ્લા ડી.ડી.ઓ., ભિલોડા ટી.ડી.ઓ., ભિલોડા મામલતદાર, ભિલોડા ગ્રામ પંચાયતમાં લેખીત, મૌખીક રજુઆતો કરવા છતાં મોબાઈલ ટાવરનું નિર્માણ કરવા માટે ખરાબાની જગ્યા ઉપર ટાવર ઉભો કરવા મંજુરી અપાતાં અવનવી ચર્ચાઓએ ભારે જોર પકડ્યું છે.

ભિલોડા તાલુકાના ભેટાલી ગામે ઝાડના ડાળા પર પ્રેમી-પંખીડાઓએ ગળે દુપટ્ટો બાંધી જીવન ટુંકાવ્યું

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ભેટાલી ગામ પાસે અંતરીયાળ ડુંગરાળ વિસ્તારમાં ધુળીયા ડુંગરની તળેટી ઉપર કરમોડાના ઝાડના ડાળા ઉપર પ્રેમી-પંખીડાઓએ દુપટ્ટો બંન્નેના ગળે બાંધી જીવન ટુંકાવ્યું હતું. બંન્ને પ્રેમી પંખીડા વચ્ચે પ્રેમ સબંધ બંધાતાં ૨૦ થી ૨૫ દિવસથી પોતાના ઘરેથી ફરાર થઈ ગયા હતા. પોતાનો સમાજ અને ઘરના માણસો તેમનો પ્રેમ સબંધ નહી સ્વીકારે તેમ સમજી આત્મહત્યા કરતાં ચકચાર મચી જવા પામી છે. પ્રેમી પંખીડાઓનો મૃતદેહ ઝાડ ઉપર છેલ્લા કેટલાક દિવસોથી લટકી રહ્યો છે તેવી વાતો ગત રોજ સમી સાંજે વાયુવેગે પ્રસરતાં ઘટનાસ્થળે ધુળીયા ડુંગરની તળેટી ઉપર લોકોના ટોળે-ટોળા એકત્રીત થઈ ગયા હતા.

ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.આઈ. એ.એસ. પટેલના જણાવ્યા મુજબ ભેટાલી ગામના ધુળીયા ડુંગર ઉપર પ્રેમી પંખીડાઓની ૧૫-૨૦ દિવસથી લટકતા મૃતદેહો કોહવાય ગયેલી હાલતમાં અને હાથ અને પગના હાડકા ખુલ્લા થઈ ગયેલા દેખાતા હતા.ઘટનાસ્થળે અસહ્ય દુર્ગંધ ફેલાઈ ગઈ હતી. બંન્ને પ્રેમી પંખીડાઓનો મૃતદેહ ઝાડ ઉપરથી નીચે ઉતારી બંન્ને મૃતદેહનો કબજો મેળવી પી.એમ.અર્થે કોટેઝ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

ભિલોડા તાલુકાના હાથીયા ગામના અરવિંદભાઈ ડામોરનો પુત્ર વિજયભાઈ ડામોર આશરે ઉંમર વર્ષ-૨૦ અને જેસીંગપુર ગામના નારણભાઈ દામાની પુત્રી ખુશ્બુબેન (ગુડ્ડી) દામા આશરે ઉંમર વર્ષ-૧૯ છે.બંન્ને પ્રેમી પંખીડાઓનો મૃતદેહ ગત રોજ સમી સાંજે મળી આવ્યો હતો. પ્રેમી પંખીડાઓ વચ્ચે પ્રેમ સબંધ બંધાયો હોવાના કારણે તેઓને પોતાનો સમાજ અને ઘરના માણસો નહી સ્વીકારે તેવું મનમાં માની લઈ પોતાની જાતે બંન્ને પ્રેમી પંખીડાઓએ દુપટ્ટા વડે બંન્નેના એકબીજાના ગળે બાંધી ગળે ફાંસો ખાઈ જીવનલીલા ટુંકાવી દેતાં ચકચાર મચી જવા પામી હતી.

ભિલોડા તાલુકાના નવા ભેટાલી ગામના રહેવાસી સરપંચ ભેટાલી ગ્રૂપ ગ્રામ પંચાયત પાસીભાઈ ખાતરાભાઈ કટારાએ પ્રેમી પંખીડાઓએ ધુળીયા ડુંગરની તળેટીમાં ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવી દીધુંહોવાની જાણ પોલીસ સ્ટેશનમાં કરતાં પોલીસએ સી. આર. પી.સી. કલમ ૧૭૪ મુજબ એ.ડી.નો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મેઘરજની ખાનગી શાળાના લંપટ શિક્ષકે શિક્ષિકાને કેફીપીણું પીવડાવી દુષ્કર્મ આચર્યું

લઘુમતી સમાજની શિક્ષિકાને ધર્મપરિવર્તન કરાવ્યું : દુષ્કર્મની ભોગ બનેલી મહિલાને ગર્ભ રહી જાતા લુણાવાડાના તબીબ પાસે ગર્ભપાત કરાવી દીધો

મેઘરજ, તા. ૧૫

અરવલ્લી જિલ્લાના મેઘરજ નગરની ખાનગી શાળાના લંપટ શિક્ષકે એજ શાળાની શિક્ષિકાને શાળાના કામથી તાલીમ માટે બહાર જવાના બહાને મારુતિ ઈકો કારમાં અપહરણ કરી કેફી દ્રવ્ય પીવડાવી ગુજરાત અને રાજસ્થાન એમ અલગ-અલગ જગ્યાએ અંબાજી, મહેસાણા, અમદાવાદ, આણંદ, બાયડ અને ઉદેપુર લઈ જઈ ગોધી રાખી વારંવાર બળાત્કાર ગુજારાતાં શિક્ષિકાને ગર્ભવતી બનાવી અને ગર્ભપાત કરાવી અને ગરમ ચપ્પુના ડામ હાથ ઉપર દઈ શિક્ષિકાને પિખી નાખ્યાની ઘટનાની મેઘરજ પોલીસ સ્ટેશને પીડિતાએ મુખ્ય આરોપી તેમજ ગર્ભપાત કરનાર ડોક્ટર સહિત સાત શખ્સો સામે ફરિયાદ નોંધાવતો સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

મેઘરજ નગરની એક ખાનગી સ્કૂલના લંપટ શિક્ષકે શાળાની જ શિક્ષિકાને તારીખ ૨૯ સપ્ટેમ્બર-૨૦૧૫ના રોજ સાંજના શિક્ષક સંજીવ ભીખા પટેલ એ શિક્ષિકાને કહેલ કે સ્કૂલના કામે તાલીમ માટે બહાર જવાનું છે અને તું તારા અસલ સર્ટીફીકેટ સાથે લઈ આવતીકાલે તારીખ ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૫ના રોજ સવારે છ વાગ્યે નીકળવાનું છે તું તું ગ્રીન પાર્ક હોટેલ આવી જજે જેથી શિક્ષિકાએ તેના સર્ટીફીકેટ લઈ ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૫ના રોજ સવારે ગ્રીનપાર્ક હોટલ ગયેલ તો રોડ ઉપર તેની સ્કૂલની ઈકો મારૂતિ કાર જીજે. ૨૭.સી.૯૮૦ ઊભી હતી અને ડ્રાઈવર ભુરાભાઈ લક્ષ્મણભાઈ પરમાર રહે. મુનશીવાડા તાલુકો. મેઘરજ એ શિક્ષિકાને કારમાં બેસી જવાનું કહેતા શિક્ષિકા કારમાં બેસી ગયેલી અને શિક્ષક સંજીવ ભીખા પટેલે મોડાસા જવાનું છે તેવું કહેલ અને સંજીવે શિક્ષિકાને પાણીની બોટલમાંથી પાણી પીવડાવેલ જેથી શિક્ષિકા બેભાન થઈ ગયેલી અને શિક્ષિકાની આંખ ખૂલતાં તેણે જોયું તો અંબાજી ગેસ્ટ હાઉસમાં હતી. જેથી શિક્ષિકાએ સંજીવ પટેલ તથા ભુરાભાઈને પૂછેલ કે મને અંબાજી કેમ લાવ્યા છો તો તેઓએ શિક્ષિકાને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી અને સંજીવ પટેલે શિક્ષિકાની મરજી વિરુદ્ધ જબરજસ્તીથી શિક્ષિકા ઉપર દુષ્કર્મ આચર્યું હતું ત્યારે શિક્ષિકા આવું ન કરવા સંજીવ પટેલને આજીજી કરી પરંતુ સંજીવ પટેલે શિક્ષિકાને કહેલકે હું તને પ્રેમ કરું છું તેમ કહી રાત્રે બીજી વાર પણ શિક્ષિકા સાથે મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચર્યું હતું પછી સંજીવ પટેલે ફોન કરી તેના મળતિયા માણસો બોલાવેલા અને બીજા દિવસે તારીખ ૧-૧૦-૨૦૧૫ના રોજ તેઓ અંબાજીથી મહેસાણા ગયેલા અને સંજીવ પટેલે તેના ઓળખતા પોલીસમાં નોકરી કરતા એક ઈસમ પાસે લઈ ગયેલા અને તેઓ શિક્ષિકાને તેમના રૂમ ઉપર લઈ ગયેલા અને ત્યાં રાખી હતી તે વખતે સંજીવ પટેલે શિક્ષિકા સાથે ફરીથી તેની મરજી વિરુદ્ધ દુષ્કર્મ કર્યું હતું અને તેમના મળતિયા બીજા માણસોને ફોન કરતાં તેઓ આવેલા અને શિક્ષિકાને મહેસાણામાં વિશ્વ હિન્દુ પરિષદના કાર્યાલય ખાતે લઈ ગયેલા અને તેઓએ શિક્ષિકાને સંજીવ પટેલ કહે તેમ કરવાનું કહેલું અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલી તારીખ ૨-૧૦-૨૦૧૫ના રોજ પીડીત શિક્ષિકાને મહેસાણાથી એક ઈકો ગાડીમાં બેસાડી અમદાવાદ ઘાટલોડીયા વિસ્તારમાં આવેલ વિશ્વ હિન્દુ પરિષદ ની ઓફિસે લઈ ગયેલા અને સાંજના આશરે ચાર વાગ્યાના આસપાસ અમદાવાદથી શિક્ષિકાને ઉદેપુર વિશ્વ હિન્દુ પરિષદની ધર્મશાળામાં લઈ ગયેલા અને એક રૂમમાં રાખેલી અને ત્યાં પણ સંજીવ પટેલે તેની વિરુદ્ધ દુષ્કર્મ સંભોગ કરેલો ત્યારબાદ ઉદેપુરમાં શિક્ષિકાને બે દિવસ રાખવામાં આવી હતી. ઉદયપુરમાં જબરજસ્તી કરી શિક્ષિકાનું ધર્મ પરિવર્તનની વિધિ કરાવી અને ત્યાંથી રાત્રીના આશરે બે એક વાગ્યાના સુમારે શિક્ષિકાને સંજીવ પટેલના મળતીયા માણસો દ્વારા કારમાં બેસાડી ગુજરાતમાં આણંદ લાવેલા અને આણંદમાં કોઈ વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકર્તાના ઘરે લઈ ગયેલા અને તેમના ઘરે રોકાયેલા અને ત્યાં પણ સંજીવ પટેલ શિક્ષિકા સાથે તેની મરજી વિરુદ્ધ દુષ્કર્મ કર્યુ હતું તેમજ સંજીવ પટેલ શિક્ષિકાને અવાર નવાર મારઝૂડ પણ કરતો હતો અને શિક્ષિકાને આણંદ ખાતે ત્રણ માસ જેટલો સમય રાખેલી સંજીવ પટેલ બે મોબાઈલ નંબર રાખતો હોય જેમો તેના અલગ અલગ નંબરથી વારંવાર અનેક જગ્યાએ ફોન કરી શિક્ષિકાને એક જગ્યાએથી બીજી જગ્યાએ વારંવાર સ્થળ બદલી લઈ જતા હતા અને આણંદથી શિક્ષિકાને અમદાવાદ લાવેલા અને ત્યાં પણ એક માસ જેટલો સમય રાખેલી અને શિક્ષિકા સાથે અવાર નવાર દુષ્કર્મ કરતો હતો જેથી શિક્ષિકાને ગર્ભ રહેલો જેથી શિક્ષિકાને અમદાવાદમાં સારવાર કરાવેલી અને ગર્ભ પડાવી નાખવા જણાવેલું પરંતુ ત્રણ માસનો શિક્ષીકાને ગર્ભ હોય જેથી સંજીવ પટેલના ઓળખતા ડોકટર ધ્રુમન સોની શુભેર્છા હોસ્પિટલ, લુણાવાડા, મહીસાગર જીલ્લામાં શિક્ષિકાને અમદાવાદથી લાવેલા અને ત્યા સંજીવના બાપુજી ભીખાભાઈ ભગાભાઈ પટેલ તથા તેની માતા શાંતાબેન ભીખાભાઈ પટેલ તથા તેનો ભાઈ ગોપાલ ભીખા પટેલ તથા તેની ભાભી નિશા ગોપાલ પટેલ તમામ રહે. અદાપુર તાલુકો મેઘરજ લુણાવાડા આવી ગયેલા અને તેઓ સારવાર કરવાના બહાને શિક્ષિકાને બેભાન થવાનું ઈન્જેક્શન આપી ડોક્ટર ધ્રુમન સોની પાસે ગઈ સાલ દિવાળીના દિવસોમાં શિક્ષિકાની મરજી વિરુદ્ધ ગર્ભપાત કરાવ્યો હતો અને શિક્ષિકા હોશમાં આવતા ગર્ભપાત થયેલાની જાણ થયેલી અને આ તમામ માણસોએ આ બનાવની કોઈને જાણ કે વાત કોઈને કરીશ તો જાનથી મારી નાખીશું તેવી ધમકી આપેલી અને ત્યાંથી શિક્ષિકાને ગાડીમાં ગુરૂકુલ ગાંધીનગર લઈ ગયેલા અને ગાધીનગરથી બાયડ મુકામે હસમુખ મહેતા નામના માણસના કોટીર્યક સોસાયટીમાં રાખેલા અને ત્યાં પણ શિક્ષિકાને જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા હતા અને શિક્ષિકાને ચપ્પુ ગરમ કરીને હાથે લંપટ શિક્ષક ડામ દેતો હતો અને અવારનવાર શિક્ષિકાની મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચરતો હતો અને બાયડમાં સંજીવ ભીખા પટેલના બા-બાપુજી તથા તેના ભાઈ ભાભી તેઓને મળવા આવતા હતા અને શિક્ષિકાને કહેતા હતા કે તું કોઈને વાત કરીશ તો તને જાનથી મારી નાખીશું અને તને કાઢી મૂકી શું અને તને રસ્તામાં કોઈ જગ્યાએ ફેંકી દઈશું તેવુ બોલતા હતા જેથી શિક્ષિકા તારીખ ૨-૬-૨૦૧૮ના રોજ શિક્ષિકાને મોકો મળતાં બાયડથી મેઘરજ આવી ગયેલી અને સમગ્ર બનાવની વાત તેના પરિવારજનોને કરતાં આખરે પીડીત શિક્ષિકા તેના પરીવારજનો સાથે મેઘરજ પોલીસસ્ટેશને જઈ આરોપી (૧) સંજીવ ભીખા પટેલ રહે. અદાપુર તા. મેઘરજ (૨) ભુરા લક્ષ્મણ પરમાર રહે. મુન્શિવાડા તા. મેઘરજ (૩) ભીખા ભગા પટેલ રહે. અદાપુર તા. મેઘરજ (૪) ગોપાલ ભીખા પટેલ રહે. અદાપુર (૫) શાન્તાબેન ભીખા પટેલ રહે. અદાપુર (૬) નિશાબેન ગોપાલ પટેલ રહે. અદાપુર (૭) ડાં. ધ્રુમન સોની, શુભેર્છા હોસ્પિટલ, લુણાવાડા, મહીસાગર સામે ફરીયાદ નોધી પી.એસ.આઈ. શર્માએ આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.